## નિયામકશ્રી, 'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ગાંધીનગરની કચેરી

## માહિતી અધિકારી અધિનિયમ, 2005 (પ્રકરણ-2)

### 4. કાર્યો કરવા માટે નક્કી કરેલાં ધોરણો.

"ગીર" ફાઉન્ડેશન એક સ્વાયત્ત સંસ્થા છે અને સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ગ્રાન્ટ ઈન એઈડ (અનુદાન) મેળવે છે. "ગીર" ફાઉન્ડેશન હેઠળના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, અરણ્ય પાર્ક અને હિંગોળગઢ અભ્યારણ્યના વિવિધ વિકાસકીય અને જાળવણી તથા નિભાવણીના કામો ઉપરાંત વિવિધ પ્રવૃતિઓ જેવી કે વિવિધ પ્રસંગોની ઉજવણી, મહેકમ ખર્ચ, કચેરી નિભાવણી ખર્ચ, વિગેરે પ્રવૃત્તિઓ માટે "ગીર" ફાઉન્ડેશન દ્વારા સરકારશ્રીમાં નાણાંકીય દરખાસ્ત કામવાર મોકલવામાં આવે છે. જેને સરકારશ્રી દ્વારા મંજૂર કરી અનુદાન ફાળવવામાં આવે છે. આ ઉપરાંત ભારત સરકાર, વન વિભાગ તેમજ અન્ય સંસ્થાઓને પણ વિવિધ સંશોધનાત્મક પ્રવૃત્તિઓ માટે પ્રોજેક્ટ પ્રપોઝલ મોકલવામાં આવે છે અને તેઓ દ્વારા પણ પ્રોજેક્ટ માટે નાણાંકીય સહાય મેળવવામાં આવે છે.